1. અંગ્રેજ સરકારનું ન્યાયતંત્રીય માળખું સમજાવો.

- ભારતમાં ન્યાયતંત્રની શરૂઆત વોરન હેસ્ટિંગ્ઝે કરી. ન્યાયતંત્રની આધુનિક વ્યવસ્થામાં કોર્નવોલિસે મહત્ત્વપૂર્ણ પરિવર્તનો કર્યાં. કોર્નવોલિસે દરેક જીલ્લામાં દીવાની અદાલતની સ્થાપના કરી. જીલ્લામાં કલેક્ટર અને ન્યાયાધીશના કાર્યો અને હોદાઓ અલગ કર્યો.
- જીલ્લા અદાલતની ઉપર સદર દીવાની અદાલત અને જીલ્લા અદાલતની નીચે રજીસ્ટ્રારની અદાલતોની સ્થાપના કરી. તેની નીચે તાલુકાકક્ષાએ નાની નાની અદાલતો શરૂ કરી, નીચલી અદાલતોમાં મુનસફ અને અમીન તરીકે ઓળખાતા ભારતીય ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી.
- ફોજદારી કેસોના નિકાલ માટે ક્ષેત્રીય ન્યાયાલયોની સ્થાપના કરવામાં આવી. ત્યારપછી આવેલ ગવર્નર વિલિયમ બેન્ટિકે પણ ન્યાયતંત્રમાં સુધારા કર્યા. તેઓએ કોલકાતા, મદ્રાસ અને મુંબઈમાં હાઇકોર્ટ સ્થાપી, ભારતીય પરંપરા અને પ્રચલિત રિવાજો પર આધારિત હિંદુ અને મુસ્લિમો માટેના અલગઅલગ કાયદાને બદલે એક સમાન ન્યાયવ્યવસ્થા શરૂ કરી. કાયદાઓને સંહિતાબદ્ધ કરી, દરેક બાબતને સ્પષ્ટ વ્યાખ્યાયીત કરવામાં આવી, અને ઈ.સ. 1833ના ચાર્ટડ એક્ટ મુજબ કાયદા સમક્ષ સૌને સમાન ગણવામાં આવ્યા.

2. અંગ્રેજ સત્તાનું મહેસૂલીતંત્ર સ્પષ્ટ કરો. અથવા કૉર્નવોલિસની કાયમી જમાબંધી પદ્ધતિ સમજાવો.

- અંગ્રેજો એ ભારતના જુદા જુદા વિસ્તારો પર માલિકી હક મેળવ્યા પછી કંપનીએ મહેસૂલની વસૂલાત માટે અનેક માર્ગો અખત્યાર કર્યા. દેશના જુદા જુદા ભાગોમાં નીચેની ત્રણ પ્રકારની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી હતી.

  (1) કાયમી જમાબંધી : ઈ.સ. 1793માં બંગાળા, બિહાર અને ઓરિસ્સામાં કાયમી જમાબંધી દાખલ કરવામાં આવી હતી. કાયમી જમાબંધીની મુખ્ય વિશેષતાઓ નીચે પ્રમાણે હતી .જમીનદારને તેના હસ્તકની જમીનનો માલિક સરકારના એ જન્ટ તરીકે તેણે જમીન મહેસૂલ વસુલ કરવાનું હતું. જમીનદાર જે જમીન મહેસૂલ એકઠું કરે તેમાંથી નવ સરકારને આપવાના અને એક ભાગ પોતાના મહેનતાણા પેટે રાખવાનો હતો. જમીનદાર મારફતે સરકારને આપવાનું મહેસૂલ કાયમી અને નિશ્ચિત હતું.

  (2) રૈયતવારી પદ્ધતિ : ઓગણીસમી સદીની શરૂઆતમાં મુંબઈ અને મદ્રાસ પ્રાંતોના કેટલાક વિસ્તારોમાં યતવારી પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી. આ પદ્ધતિ અનુસાર જમીન ખેડનારને જમીનનો માલિક બનાવવામાં આવ્યો અને જમીન મહેસુલ ચુકવવાની શરત કરવામાં આવી. સીધા રાજ્યને જમીન મહેસૂલ ચૂકવનાર ગિરાસદારો અને ખેડૂતોને અંગ્રેજો એ માન્યતા આપી. ગિરાસદારો નાના ખેડૂતો બન્યા, રૈયતવારી પદ્ધતિથી જમીનના માલિકી હક મેળવનારને ખાસ લાભ થયો નહિ કારણ કે

  (1) જમીન મહેસૂલ અકલ્પનીય હતું.

  (2) જમીન મહેસૂલમાં સરકાર ઇચ્છાનુસાર વધારો કરવાનો હક ધરાવતી હતી.

  (3) કોઈ પણ પરિસ્થિતિમાં રૈયતે જમીન મહેસૂલ આપવું પડતું.

  (3) મહાલવારી પદ્ધતિ : મહાલવારી પદ્ધતિનો અમલ ગંગાના વિસ્તારોમાં ઉત્તર પશ્ચિમ પ્રાંતોમાં, પંજાબમાં અને મધ્ય ભારતના કેટલાક પ્રદેશોમાં કરવામાં આવ્યો હતો. આ પદ્ધતિ અનુસાર પ્રત્યેક ગામ માટે અલગ વ્યવસ્થા હતી. જમીનદારો અથવા જમીનદાર હોવાનો દાવો કરનાર કટુંબના વડા સાથે આ વ્યવસ્થા કરવામાં આવી હતી.

## 3. અંગ્રેજ સત્તાની સનદી સેવાઓની માહિતી આપો.

- ભારતમાં ગવર્નર જનરલ કોર્નવોલિસે સનદી સેવાઓની શરૂઆત કરી. કોર્નવોલિસે વહીવટીતંત્રને શુદ્ધ બનાવવા માટે કંપનીના કર્મચારીઓને માત્ર વહીવટી કાર્યો કરવા માટે જ બાધ્ય કર્યું. સનદી અધિકારીખોનું એક વિશિષ્ટ માળખું ઊભું કર્યું. સનદી સેવાઓ સાથે સંકળાયેલ અધિકારીઓને તેઓની કામગીરી અને સિનિયોરીટી, મુજબ પ્રમોશન આપવાની પદ્ધતિ લાગુ પાડવામાં આવી.
- ભ્રષ્ટાચાર વિરુદ્ધ કડક નિયંત્રણો લાગુ પાડવામાં આવ્યા. કર્મચારીઓના પગારમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો. કલેક્ટરનો માસિક પગાર 1500 રૂપિયા જેટલો કર્યો. ભારતમાં યુવાન અધિકારીઓને સનદીસેવાની તાલીમ માટે વેલેસ્લીએ (1800) માં કોલકાતા ખાતે ફોર્ટ વિલિયમ કોલેજની સ્થાપના કરી, અને તેજ રીતે ઇંગ્લેન્ડમાં હેલીબરી ખાતે ઈસ્ટ ઇન્ડિયન કોલેજ (1806)માં શરૂ કરી.
- ઈ. સ. 1863ના ચાર્ટર એક્ટ દ્વારા એવું નક્કી કરવામાં આવ્યું કે સનદી સેવામાં પ્રવેશ મેળવવા માટે પ્રત્યેક વ્યક્તિએ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવી જરૂરી છે. જેના દ્વારા કોઈ પણ પ્રકારની લાગવગ , સગાવાદ કે ભેદભાવ વિના યોગ્ય વ્યક્તિની નિમણુક થઈ શકે . બ્રિટિશરોની સનદી સેવામાં ઉચ્ચ સેવા (પદ) અને ઉચ્ચ વેતન એમ બંને બાબતોથી ભારતીયોને વંચિત રાખવામાં આવતા હતાં. ભારતીય સનદી સેવા દુનિયાની સૌથી પ્રચલિત સેવાઓ પૈકીની એક હતી. પરંતુ આ સેવાએ ભારતીય હિતોને બદલે બ્રિટિશ હિતો માટે કામ કર્યું,

## 4. અંગ્રેજ સરકારના પોલીસતંત્રની રૂપરેખા આપો.

- ભારતમાં પોલીસતંત્રની શરૂખાત ગવર્નર જનરલ કોર્નવોલિસે કરી હતી. પોલીસતંત્ર બ્રિટિશરોના સામ્રાજયવાદનું મહત્ત્વનું અંગ બની રહ્યું. ભારતના જમીનદારો અને જાગીરદારોનું કાર્ય પોલીસ કાર્યથી અલગ કરી કાયદો અને વ્યવસ્થા નિયમિત કરવા અલગ પોલીસ વિભાગની રચના કરવામાં આવી.
- પોલીસતંત્રનું આધુનિકીકરણ કરવામાં આવ્યું. પોલીસ સ્ટેશનની શરૂઆત કરવામાં આવી જેના ઇનચાર્જ તરીકે ફોજદારની નિમણુક કરવામાં આવી, જીલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ અધીક્ષક(DSP)ની નિયુક્તિ કરવામાં આવી કે જે જીલ્લાનો સર્વોચ્ચ પોલીસ વડો હતો. ગામડાંઓમાં ચોકીદારની નિમણૂક થતી હતી. પોલીસતંત્ર દ્વારા ભારતની સ્વતંત્રતા સંગ્રામની ચળવળ ને કચડી નાખવામાં બ્રિટિશરોએ સહેજ પણ પાછી પાની કરી નહોતી. પોલીસતંત્રના ઉચ્ચ હોદાઓ પર માત્ર અંગ્રેજોની જ નિમણુંક થતી. પોલીસતંત્ર જનતાના રક્ષક થવાને બદલે માત્રને માત્ર અંગ્રેજોના હિત માટે જ કામ કરતી હતી.

## 5. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વહીવટીતંત્રની ખાસિયતો જણાવો.

- ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વહીવટીતંત્રની ખાસિયતો નીચે મુજબ છે :

  (1) બ્રિટિશ વહીવટીતંત્રે ખાધુનિક ઘીવટીતંત્ર, પોલીસ તંત્ર, લશ્કરી તંત્ર અને ન્યાયતંત્ર બની સ્થાપના કરી. આ સેવાઓ ગુણવત્તા પર આધારિત અને આધુનિક હતી.

  (2) આધુનિક સંસ્થાઓની સ્થાપનાનો લાભ ઇંગ્લેન્ડ ને થયો, ભારતને કોઈ જ લાભ પ્રાપ્ત ન થયો.

  (3) ભારતીયોને સનદી, લકર, પોલીસ કે ન્યાયતંત્રમાં ઉચ્ચ હોદા માપવામાં આવતા નહોતા.

  (4) દેશમાં ભારતીયો માટે અને યુરોપિયનો માટે અલગ ન્યાયતંત્ર અને કાયદા હતા.

(5) ન્યાયતંત્રની પ્રક્રિયા અત્યંત મોંધી અને સમય વ્યતીત કરતી હતી. હજી પણ ભારતીય ન્યાયતંત્રમાં અંગ્રેજોના સમયના કેસો ચાલુ છે. કારણ કે તારીખ પર તારીખ, તારીખ પર તારીખ).

(6) માત્ર પૈસાપાત્ર વ્યક્તિઓ જ આ મોંઘા ન્યાયતંત્રનો ઉપયોગ કરી શકતા હતાં.

(7) અજ્ઞાની અને નિરક્ષર ભારતીયો આ જટિલ ન્યાયતંત્રથી દૂર રહેવાનું જ પસંદ કરતાં હતાં.

(8) પોલીસતંત્ર અને ન્યાયતંત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર હતો .

(9) જમીનદારો દ્વારા નાના ખેડૂતો પર ખૂબ જ અત્યાચાર થતો હતો.